**ટેલિફોન : ૨૬૩૦૧૩૪૧, ૨૬૩૦૦૩૪૨-૪૩, ૨૬૩૦૦૧૨૬ ટેલિગ્રામ : યુનિગુજરાત ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૬૨૨૩ (પરીક્ષા નિયામક)**

# ગુજરાત યુનિવર્સિટી

**પરિપત્ર નં. : ૧૮**

**નં. પરીક્ષા/૪-અ/ ૪૫૯૮ /૨૦૧૫**
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯
**તા. ૨-૦૨-૨૦૧૫**

આથી યુનિવર્સિટી સંલગ્ન કાયદા વિદ્યાશાખા કૉલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે, આગામી માર્ચ-એપ્રિલ, ૨૦૧૫ માસમાં લેવાનાર યુનિવર્સિટીની એલએલ.બી. સેમેસ્ટર-૧, ૨, ૩, ૪, ૫ અને ૬ની પરીક્ષાઓના આવેદનપત્રો નીચે દર્શાવેલ તારીખ મુજબ યુનિવર્સિટી કાર્યાલયને મોકલી આપવા જણાવવામાં આવે છે.

૧. નિયત ફી સાથે ફોર્મ મોકલવાની છેલ્લી **તા. ૨૧-૨-૨૦૧૫**

૨. ઉપરોક્ત તારીખ બાદ **તા. ૨૭-૨-૨૦૧૫** સુધી રૂ. ૧૦/- લેઈટ ફી સાથે સ્વીકારવામાં આવશે ત્યારબાદ કોઈ જ ફોર્મ સ્વીકારવામાં આવશે નહીં.

**ઉપરોક્ત તારીખ મુજબ નીચેની પરીક્ષાઓના ફીનું ધોરણ રેગ્યુલર તથા રીપીટર માટે નીચે મુજબ રહેશે :**
**નીચેની પરીક્ષાઓનાં ફોર્મ મોકલવાના રહેશે.**

| | | | |
|---|---|---|---|
| (૧) એલએલ.બી. સેમેસ્ટર-૧ (રીપિટર) | **રૂ. ૨૫૦/-** | (૬) એલએલ.બી. સેમેસ્ટર-૬ | **રૂ. ૫૦૦/-** |
| (૨) એલએલ.બી. સેમેસ્ટર-૩ (રીપિટર) | **રૂ. ૨૫૦/-** | (૭) ડી.ટી.પી. | **રૂ. ૧૫૦/-** |
| (૩) એલએલ.બી. સેમેસ્ટર-૫ (રીપિટર) | **રૂ. ૨૫૦/-** | (૮) ડી.એલ.પી | **રૂ. ૧૫૦/-** |
| (૪) એલએલ.બી. સેમેસ્ટર-૨ | **રૂ. ૨૫૦/-** | (૯) T.Y. LL.B.(Old) (વિન્ટર સેમે.) | **રૂ. ૧૦૦/-** |
| (૫) એલએલ.બી. સેમેસ્ટર-૪ | **રૂ. ૨૫૦/-** | (૧૦) T.Y. LL.B.(Old) (મોનસુન સેમે.) | **રૂ. ૧૦૦/-** |

૧. ઉપરોક્ત પરીક્ષાઓના ફોર્મ યુનિવર્સિટી કાઉન્ટર પરથી રૂ. ૨૫/-ની કિંમતે સંસ્થાએ મેળવી લેવાના રહેશે.

૨. પરીક્ષાના આવેદનપત્ર સાથે વિદ્યાર્થીએ પાસ કરેલ તમામ પ્રયત્નોની ગુણપત્રકની નકલ અવશ્ય બીડવાની રહેશે. યુનિવર્સિટી કાર્યાલયને ઓર્ડિ. ૧૨૭ની માહિતી અને અગાઉના સેમેસ્ટરના ક્રેડિટ ગુણ તૈયાર કરવામાં સરળતા રહે.

૩. આપની સંસ્થામાં આગામી પરીક્ષાઓમાં બેસનાર તમામ વિદ્યાર્થીઓની સંખ્યા પ્રમાણે પરીક્ષા ફી રોકડેથી, ડિમાન્ડ ડ્રાફ્ટ કે પે-ઓર્ડરથી હિસાબી શાખામાં જમા કરાવી તેની એક રસીદની નકલ પત્રક અને કૉલેજના ફોરવર્ડિંગ પત્ર સાથે રૂમ નં. ૧૪માં આપવાનું રહેશે. **કોઈ પણ સંજોગોમાં ચેક સ્વીકારવામાં આવશે નહિં.** ડિમાન્ડ ડ્રાફ્ટનું બેન્ક કમિશન કુલ ફીમાંથી બાદ કરીને કઢાવવાનું રહેશે. અને તે અંગેનું સ્ટેટમેન્ટ આપવાનું રહેશે. (DD CTS Code વાળો હોવો જરૂરી છે.)

૪. યુનિવર્સિટી ખાતે આવેદનપત્ર મોકલતા અગાઉ તમામ પ્રકારની ચકાસણી કરી લેવી જેથી બાદમાં સુધારાવધારો કરવા માટેની કોઈ કાર્યવાહી કરવાની રહે નહિં.

૫. અધૂરી કે ખોટી વિગતોવાળા આવેદનપત્રો મોકલવામાં આવશે અને તેના કારણે વિદ્યાર્થીના નામમાં, વિષયમાં ફોટામાં, કે અન્ય કોઈ બાબતની ક્ષતિ જણાશે તો તે અંગે યુનિવર્સિટીની કોઈ જવાબદારી રહેશે નહિં.

૬. જે વિદ્યાર્થીઓ નવેમ્બર-૨૦૧૪માં બેઠા છે અને જેમનું પરિણામ બહાર નથી પડ્યું તેવા વિદ્યાર્થીઓએ તેમનું પરિણામ જાહેર થયા પછીથી ૧૦ દિવસ સુધીમાં લેઈટ ફી વિના આવેદનપત્રો સ્વીકારવામાં આવશે.

૭. આવેદનપત્રમાં દર્શાવેલ તમામ વિગતો જેવી કે, કોમ્બિનેશન કોડ, એપિયરિંગ કોડ, પ્રિવિયસ કોડ, કૉલેજ કોડ, વિષય વગેરેની કાળજીપૂર્વક ચકાસણી કરી જેથી વિદ્યાર્થીને પરીક્ષા દરમિયાન કે ત્યારબાદ કોઈ પ્રકારની મુશ્કેલી ઊભી થાય નહિં.

**કે. ડી. વોરા**
કા. પરીક્ષા નિયામક

પ્રતિ : (૧) તમામ કાયદા વિદ્યાશાખાની કૉલેજોનાં આચાર્યશ્રીઓ તરફ
(૨) પરીક્ષા વિભાગના તમામ વિભાગીય અધિકારીઓ તથા કર્મચારીઓ તરફ
(૩) કુલસચિવશ્રીના અંગત મદદનીશ તરફ
(૪) કુલપતિશ્રીના તથા ઉપકુલપતિશ્રીના અંગત સચિવશ્રી તરફ (૫) પરીક્ષાના કો-ઑર્ડિનેટરશ્રીઓ.